સહકાર હોલ પાસેના અંડરબ્રિજને નડતરરૂપ દુકાનદારોને ખદેડી મુકાયા

બીજી વખત દુકાનદારોને ધંધાના સ્થળ બદલવાની ફરજ પડી : દુકાનદારોએ મિટર કાટી લેવા વીજ કંપનીનો સંપર્ક કર્યો

હિંમતનગર, તા. ૬

અમદાવાદ-ઉદેપુર બ્રોડગેજ રેલવે લાઈનનું કામ અંતિમ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે બ્રોડગેજ રેલવે લાઈન પર આવતા મોટાભાગના ઓવરબ્રીજ અને અંડરબ્રીજનું કામ પુરૂ થવાની તૈયારીમાં છે ત્યારે હિંમતનગરના પૂર્વ વિસ્તારને શહેરી વિસ્તાર સાથે જોડતા સહકાર હોલ પાસેના રેલવે અંડરબ્રીજને નડતરરૂપ દુકાનદારોને નગરપાલિકાની મદદથી તાજેતરમાં ખદેડી મુકાયા છે. જો કે તેમને વૈકલ્પિક વ્યવસ્થા પણ નગરપાલિકાએ કરી આપી છે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સહકાર હોલ પાસે બ્રોડગ્રેજ રેલવે લાઈન માટે બની રહેલા અંડરબ્રીજના એક સાઈડનું કામ પૂર્ણ થઈ ગયુ છે જ્યારે એન્જીનીયર સર્કલ તરફ નીકળતા આ અંડરબ્રીજનું કામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે ત્યારે અંડરબ્રીજની દિવાલ પર આવેલ તથા સહકાર હોલ અને પેટ્રોલપંપ જવાના રસ્તા પર આવેલ ૧૮ દુકાનો નડતરરૂપ હોવાથી થોડા સમય અગાઉ નગરપાલીકાની મદદથી આ દુકાનદારો સાથે બેઠક કરી જગ્યા ખાલી કરવા માટે સમજાવટથી કામ લઈ ચર્ચા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આ ૧૮ દુકાનદારોને ખાસ્સા વર્ષ અગાઉ ટાવરરોડ પરથી દૂર કરીને સહકાર હોલ પાસે નગરપાલીકાએ જગ્યા ફાળવી હતી. પરંતુ હવે જ્યારે રેલવે અંડરબ્રીજ પર સહકાર હોલ તથા પેટ્રોલપંપ સુધી જવા માટે સર્વિસરોડ બનાવવાનો હોવાથી આ દુકાનદારોને ફરીથી તેમના ધંધાના સ્થળ બદલવાની ફરજ પડી છે. જેથી આ દુકાનદારોને નવેસરથી જુનો અથવા તો નવો ધંધો બનાવવાનું વિચારવું પડશે.

દરમ્યાન થોડા સમય અગાઉ નગરપાલીકા દ્વારા સહકાર હોલ પાસેથી દુર કરાયેલા દુકાનદારો પૈકી ૬ દુકાનદારોને ૮ બાય ૮ તથા ૧૦ દુકાનદારોને ૬ બાય ૮ની જગ્યા ફાળવીને તેનો કબજો અસરગ્રસ્ત દુકાનદારોને આપી દેવાયો છે. જ્યારે બાકીના બે દુકાનદારોને રેલવે અંડરબ્રીજના સર્વિસરોડ નજીક જગ્યા આપવામાં આવી છે. આ જોતા એવુ લાગી રહ્યું છે કે અમદાવાદ-ઉદેપુર રેલવેલાઈન પર પ્રાંતિજ, તલોદ, હિંમતનગર તથા અન્ય સ્થળે જ્યાં અંડરબ્રીજ અથવા તો ઓવરબ્રીજની જરૂર હશે ત્યાં જમીન સંપાદન કર્યા વગર ચાલશે નહી.

દુકાનદારોને ક્યાં વૈકલ્પિક વ્યવસ્થા કરી અપાઈ ?

સહકાર હોલ પાસેથી જે દુકાનદારોને નગરપાલીકાએ ખદેડી દીધા છે તે દુકાનદારોને બગીચા પાસેના ઓવરબ્રીજની નીચે જુની જિલ્લા પંચાયત નજીક અગાઉ તેમની જેટલી જમીનમાં કેબિન કે ગલ્લો હતો તેટલા માપની જમીન આપી દીધી છે. જેના માટે દુકાનદારો પણ તૈયાર થઈ ગયા છે. અને તેનો કબજો પણ થોડા દિવસ અગાઉ આપી દેવાયો હોવાનું એક દુકાનદારે ભારપુર્વક જણાવ્યુ હતું.

અંડરબ્રીજ ક્યારે ચાલુ થશે

સહકાર હોલ પાસે બની રહેલા અંડરબ્રીજનું કામ લગભગ પૂર્ણ થવા આવી રહ્યું છે. પરંતુ તેનો ઉપયોગ શક્યતઃ ફેબ્રુઆરીથી હિંમતનગર વાસીઓ કરી શકશે. એમ આધારભુત સૂત્રોમાંથી જણાવાયુ છે.

વિજકંપનીને મિટર પરત કરાશે

સહકાર હોલ પાસે તૈયાર થનારા સર્વિસરોડમાં જે દુકાનોની જમીન પરત લઈ લેવાઈ છે ત્યારે આ દુકાનદારોએ બુધવારે વિજકંપનીના મિટરો પરત આવા માટે સામુહિક લેખિત રજુઆત કરી દીધી હતી.

મેઘરજના ઈપલોડા ગામ પંચાયતનુ

મકાન નવુ બનાવવા વારંવાર રજુઆત છતા કોઈ કાર્યવાહી નહી

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઈપલોડા ગ્રૂપ ગ્રામ પંચાયતનુ મકાન છેલ્લા કેટલાય વર્ષોથી જર્જરીત હોવાથી પંચાયતના વહીવટ માટે મોટી સમસ્યા ઉભી થતાં અરજદારો અને ગ્રામપંચાયતના કર્મીઓને પંચાયતના કામકાજ માટે બેસવામાં મોટી સમસ્યા ઉભી થઈ છે અને પંચાયતનુ નવિન મકાન બનાવવા વારંવાર રજુઆત કરવા છતા સમસ્યાનુ નિરાકરણ ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

તસવીર : મેહુલ જોષી

મેઘરજના ઈપલોડા ગામે સીસોદરા, કંભરોડા, પીસાલ, ઈપલોડા અને શાંતિપુરા સહીત ચાર ગામોની ગ્રૂપ ગ્રામ પંચાયત આવેલ છે. આ ગ્રૂપ ગ્રામ પંચાયતનુ ઘણા વર્ષો અગાઉ બનેલ ગામ પંચાયતનુ મકાન છેલ્લા કટલાય વર્ષોથી જર્જરીત બન્યુ છે, બારી બારણા અને છતના પોપડા ઉખડી ગયા છે અને છત પણ તુટી ગઈ છે ત્યારે આ જર્જરીત મકાન પડુપડુ સ્થિતિમાં હોવાથી ક્યારે જમીનદોસ્ત થાય અને કયારે મોટી હોનારત સર્જાય તે સંભાવના નકારી શકાતી નથી અને હાલ પંચાયતના કામકાજ માટે કોમ્યુનીટી હોલમાં બેસવાન વારો આવ્યો છે ત્યારે આ હોલમાં પણ ચોમાસા દરમિયાન પાણી ટપકતુ હોવાથી ઈલેકટ્રીક ઉપકરણો બળી જવાની સંભાવના રહેલી છે ત્યારે આ પંચાયતનુ જર્જરીત મકાન નવુ બનાવવા ઠરાવ સહીત પંચાયતને લગતી તમામ કાર્યવાહી ઈપલોડા પંચાયતના સરપંચ સહીત તમામ કારોબારી સભ્યોએ વારંવાર મેઘરજ તાલુકા પંચાયતને દરખાસ્ત મોકલી લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે પરંતુ વર્ષો જુની માગણીનો આજ દિન સુધી અંત ન આવતા અંતે ઈપલોડા ગ્રૂપ ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યો સહીત તમામ કર્મચારીઓને પંચાયતના કામકાજ માટે બેસવામાં પડતી સમસ્યાથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને આ જુનુ મકાન તાકીદે નવુ બનાવવા પ્રજામાં માંગ ઉઠી છે.

સ્વામી વિવેકાનંદના વિચારોના પ્રચારાર્થે પુનાના ૯ સાયકલિસ્ટ ૩૫ દિવસમાં ૪૦૦૦ કિમી દેશમાં પરિભ્રમણ

મોડાસા, તા. ૬

મહારાષ્ટ્રના પુનામાં આવેલ રામકૃષ્ણ પીઠ અને સાયકલ મિત્ર દ્વારા સ્વામી વિવેકાનંદજીએ અમેરિકાના શિકાગોમાં વિશ્વધર્મ મહાસભામાં કરેલ પ્રવચનને ૧૨૫ વર્ષ પૂર્ણ થતા સ્વામીજીના આદર્શો અને વિચારો આજના યુવાનોમાં પ્રસ્થાપિત થાય અને તમામ યુવકોમાં વિવેક અને આનંદ રહે તેવા ઉમદા હેતુથી પુનાથી ૯ સિનિયર સીટીઝન, યુવકો દ્વારા સાયકલ યાત્રા કાઢવામાં આવી છે. આ યાત્રા અરવલ્લી જિલ્લાના મોડાસા આવી પહોંચતા સાયકલ યાત્રાનું મોડાસા જેસીસ ટીમ દ્વારા ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. સાયકલ યાત્રામાં આવેલ સાયકલ મિત્રના સદસ્યએ જણાવ્યું હતું કે આ યાત્રા કાશ્મીરથી કન્યાકુમારી સુધીની છે. આ યાત્રા ૩૫ દિવસમાં ૪૦૦૦ કિલોમીટરનું અંતર કાપશે અને દરેક સ્થળો પર સ્વામી વિવેકાનંદજીના શિકાગોમાં યોજાયેલ વિશ્વ ધર્મ સભામાં કરેલા પ્રવચન વિશે જાણકારી આપશે અને સાયકલિંગ દ્વારા શારીરિક આરોગ્યના ફાયદાઓ વિશે પણ જાણકારી આપવા અને સ્વામી વિવેકાનંદજીના ભારત અંગેનો સંદેશ જનજન સુધી પહોંચાડવા સાયકલ યાત્રા યોજવામાં આવી હોવાનું જણાવ્યું હતું. મોડાસામાં રાત્રી રોકાણ દરમીયાન સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે યાત્રીઓએ સ્વામીજીના વિચારો વિષે માહિતી આપી હતી અને વ્યસન મુક્તિ અને સ્વચ્છતા અંગેના સંકલ્પ લેવડાવ્યા હતા.

પાલનપુર બાળગૃહના અનાથ નક્ષને નવા માતા-પિતા થકી નવું જીવન મળ્યું

પાલનપુર, તા. ૬

પાલનપુર સ્થિત બાળગૃહમાં રહેલા બાળક નક્ષને બુધવારે નવું જીવન મળ્યું હતુ. જ્યાં સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી ગાંધીનગર સંચાલિત સ્પેસ્યાલાઈઝ એડોપ્શન એજન્સી, પાલનપુર દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં પાલનપુર ચિલ્ડ્રન હોમમાં રહેતા અનાથ બાળક નક્ષને કલેકટરના હસ્તે સોનલબેન અને રવિન્દ્રભાઈ નામના દંપતિએ દત્તક અપાયો હતો.

આ પ્રસંગે કલેકટર સંદીપ સાગલેએ જણાવ્યું હતુ કે, ચિલ્ડ્રન હોમમાં રહેતા બાળક નક્ષને તેના નવા માતા-પિતાને સોંપતા આનંદની લાગણી અનુભવું છું. બાળક નક્ષના જીવન માટે આજનો દિવસ સોનેરી દિવસ છે. આજથી નક્ષની નવી જિંદગીનો પ્રારંભ થાય છે. બાળકને દત્તક લેનાર દંપતિના ઘરે દક્ષ મોટો થઈને સારો, સંસ્કારી નાગરિક બની ખુબ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમણે ચાઈલ્ડ વેલ્ફેર કમીટીને આવા સારા કામ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં. તેમજ આ સંસ્થા સાથે જોડાયેલ દાતાઓને પણ આવા સારા કાર્યમાં સહકાર આપવા બદલ અભિનંદન પાઠવી તેમના કાર્યોને બિરદાવ્યાં હતાં. આ પ્રસંગે ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના પ્રમુખ સુભાષભાઈ સોનેરી, સભ્ય પિનાકીનભાઈ ઓઝા, સમાજ સુરક્ષા અધિકારી હિતેષભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગર સંચાલિત સ્પેસ્યાલાઈઝ એડોપ્શન એજન્સી, પાલનપુર દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરના હસ્તે દંપત્તિને બાળક દત્તક અપાયું હતુ.

પાલનપુર બાળગૃહના બાળક દક્ષને કલેકટર સંદીપ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સંચાલિત પાલનપુર બાળગૃહના અનાથ બાળક નક્ષને પ્રિ-એડોપ્શન કેરમાં સોંપવાનો કાર્યક્રમ કલેકટર સંદીપ સાગલેના

ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે ગર્ભવતી મહિલાઓ માટે પુસંવન સંસ્કાર કાર્યક્રમ યોજાશે

મોડાસા, તા. ૬

ભાવિ પેઢીને સંસ્કારવાન બનાવવા આપણી સંસ્કૃતિમાં સોળ સંસ્કારોનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. સંસ્કારોના માધ્યમથી ગર્ભથી મૃત્યુ સુધી માનવીય જીવનના ૧૬ તબક્કાઓમાં ષોડષ સંસ્કારો કરાવવા ઋષિઓ દ્વારા મહત્વ બતાવવામાં આવ્યુ છે. જેમાં પુસવંન સંસ્કાર અતિ મહત્વપૂર્ણ છે. જેના માધ્યમથી ગર્ભમાં અવતરીત થઈ રહેલા બાળકનો શારીરીક, માનસીક પરિપકવ વિકાસ કેવી રીતે સંભવ છે એ ભાવી માતા પિતાને સમજાવામાં આવે છે. આજ ઉદ્દેશ્યને લઈ માલપુર રોડ ખાતેના ગાયત્રી ચેતના કેન્દ્ર પર પ્રાણ પતિષ્ઠા બાદ આજે પહેલીવાર ગર્ભધારણ બહેનોના પુંસવન સંસ્કાર ગાયત્રી પરિવારની બહેનો દ્વારા વૈદિક મંત્રો, યજ્ઞીય વાતાવરણ તથા સંસ્કાર સૂત્રો સાથે ઔષધિના રસપાન દ્વારા પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞમાં આહુતી સમર્પિત કરી કરાવવામાં આવી હતી. આ પ્રસંગે ગાયત્રી પરિવારના આવો ગઢે સંસ્કારવાન પેઢી અંતર્ગત મા ના ગર્ભમાં વિકાસ પામી રહેલા બાળકનો આધ્યામિક વિકાસ કેવી રીતે સંભવ છે. એ બાબતે આવનારા ૬ મહિના સુધી ગાયત્રી પરિવારની બહેનો દ્વારા વિશેષ માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

ગાયત્રી પરિવાર મોડાસા દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, માલપુર રોડ પર પ્રત્યેક ગુરુવારે સવારે નિશુલ્ક પુંસવન સંસ્કાર કરાવવામાં આવશે એવુ એક અખબારી યાદીમાં જાણકારી આપવામાં આવી છે.

પ્રાંતિજ નગરપાલિકા ખાતે નિવૃત્ત વિદાય સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી સરકારી વય મર્યાદાને લઈને નિવૃત્ત થતા સાથી કર્મચારીઓ દ્વારા વિદાય સમારોહ યોજવામાં આવ્યો. વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

જેમાં પાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ, ચિન્ટુભાઈ, ગુણવંતભાઈ, પંકજભાઈ, નરેન્દ્રભાઈ, જતીનભાઈ, સહિત પાલિકા કર્મચારીઓ સ્ટાફ મિત્રો તથા નગરપાલિકા કોર્પોરેટર મોહસીનભાઈ વગેરે ઉપસ્થિત રહીને નિવૃત્ત થઈ રહેલ યુસુફભાઈ વ્હોરાને શ્રીફળ, ફુલહાર, મોમેન્ટો આપીને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

પ્રાંતિજ નગરપાલિકામાં છેલ્લા ૩૫ વર્ષથી ફરજ બજાવતા યુસુફભાઈ વ્હોરા કે જેવો સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાને લઈને નિવૃત્ત થતા પાલિકા કર્મચારીઓ સાથી મિત્રો દ્વારા પ્રાંતિજ નગરપાલિકાના સભાખંડ ખાતે

ઉતાવળ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ન હતી. જો પસંદગી સમિતિની મંજુરી પહેલા લેવામાં આવી હોત તો કાયદાને વધારે સારી રીતે પાલન થયું હોત. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સરકારની કાર્યવાહીની ભાવના સંસ્થાના હિતમાં હોવી જોઈએ. સીબીઆઈ વિવાદની સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટનું વલણ ખુબ કઠોર રહ્યું હતું. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ સોલીસીટર જનરલ તુષાર મહેતાને પ્રશ્ન કર્યો હતો કે, સરકારે ૨૩મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માની શક્તિ પરત લેવાનો નિર્ણય રાતોરાત કેમ લીધો હતો. ચીફ જસ્ટિસે પ્રશ્ન કર્યો હતો કે, જયારે વર્મા થોડાક મહિનામાં નિવૃત્ત થનાર હતા તો થોડા વધુ મહિનાનો ઈંતજાર અને પસંદગી સમિતિની ભલામણ કેમ લેવામાં આવી ન હતી. તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને માહિતી આપતા કહ્યું હતું કે, સીવીસી આ તારણ ઉપર પહોંચ્યું હતું કે, અસામાન્ય સ્થિતિ ઉભી થઈ ગઈ છે. તેમણે કહ્યું હતું કે, અસામાન્ય પરિસ્થિતિને ક્યારેક ક્યારેક અસામાન્ય ઉપચારની જરૂર પડે છે. સોલીસીટર જનરલે કહ્યું હતું કે, સીવીસીનો આદેશ નિષ્પક્ષ હતો. બે વરિષ્ઠ અધિકારી લડી રહ્યા હતા. મહત્વપૂર્ણ કેસોને બાદ કરતા એકબીજાના મામલામાં તપાસ કરી રહ્યા હતા. કેન્દ્ર સરકારે બુધવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્મા અને સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાની વચ્ચે એટલા માટે દરમિયાનગીરી કરવામાં આવી હતી કે, બંને બિલાડીની જેમ લડી રહ્યા હતા. કેન્દ્ર સરકારની મુખ્ય તપાસ સંસ્થાની વિશ્વસનીયતા ઉપર પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. બુધવારના દિવસે સુનાવણી દરમિયાન કેકે વેણુગોપાલે તર્કદાર રજૂઆતો કરી હતી અને કહ્યું હતું કે, સરકાર આશ્ચર્યચકિત હતી કે આ બે અધિકારીઓ કેમ લડી રહ્યા છે. વેણુગોપાલે કહ્યું હતું કે, સરકારે પોતાના અધિકાર ક્ષેત્રમાં રહીને કામ કર્યું છે. ૨૯મી નવેમ્બરના દિવસે વર્માની શક્તિઓ આંચકી લેવાના સરકારના પગલાને અયોગ્ય ગણાવીને પ્રશ્નો ઉઠાવ્યા હતા.

પરીક્ષા આપશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લામાંથી આ વર્ષે ધો-૧૦ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને ૩૧૫૨૮ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. જો કે હજુ આ આંકડો વધવાની સંભાવના છે. જયારે જિલ્લામાંથી ૧૫૩૩૭ વિદ્યાર્થીઓ ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે અત્યાર સુધી નોંધાયા છે. પરીક્ષાની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓમાં એક રીતે હાંશકારો પણ થયો છે. જયારે અત્યાર સુધી સોશિયલ મીડીયમાં ખોટી તારીખો ફરતી થઈ હતી જેના લીધે ખોટી અટકળોનો અંત આવી ગયો છે.

પગમાર્ક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મામલે હાથ હેઠા મુકી દીધા હતા. વનતંત્ર હજુ દીપડાની શોધમાં છે ત્યાં આજે સવારે અલુવા હિલ્સ પાસેના જંગલ વિસ્તારમાં સાબરમત્તી નદીના કીનારે અલુવા હિલ્સ પાસે દિપડાએ દેખા દીધી હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. આ વિસ્તારમાં ટ્રેકીંગ અર્થે ગયેલા પ્રકૃતિ પ્રેમી પંકજ પરમારને દિપડાના પગમાર્ક પણ સ્પષ્ટ રીતે જોવા મળ્યા છે. દિપડાના ફુટપ્રિન્ટના આધારે ફીમેઈલ દિપડાની સાથે તેનુ બચ્ચુ કે અન્ય દિપડો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ વિસ્તારમાં દિપડાએ વાછરડી નો શિકાર કર્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે આ વિસ્તાર કલોલની રેન્જમાં આવતો હોવાથી વનતંત્રએ આ મામલે કલોલ વનતંત્રના અધિકારીઓને જાણ કરી દીધી છે.

ધરપકડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અત્યાર સુધી યશપાલ સોલંકી ઉર્ફે યશપાલ ઠાકોરનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે ચાલતું હતું. ગાંધીનગર પોલીસે ગઈ મોડી રાત્રે યશપાલ સોલંકી સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. આ ત્રણેય આરોપીની સઘન પૂછપરછમાં બહાર આવ્યું છે કે યશપાલ તો વડોદરાના ઈન્દ્રજીત નામના સૂત્રધાર નો ફોલ્ડર હતો. ગઈકાલે મોડી રાત્રે પોલીસે બરોડાના ગોત્રી રોડ ખાતે આવેલા ગોકુળ ટાઉનશીપના મકાન નંબર-બી- ૭૫ માં રહેતા અને મેડિકલ રિપ્રેઝન્ટેટીવ એમ આર તરીકે નોકરી કરતા ઈન્દ્રવદન અશ્વિન પરમાર, બનાસકાંઠા જિલ્લાના વડગામ ખાતે કોદરામ વિસ્તારમાં રહેતા રાજેન્દ્ર પ્રવીણ વાઘેલા અને મહીસાગર જિલ્લાના લુણાવાડા વિસ્તારમાં છાપરી ના મુવાડા ખાતે રહેતા યશપાલ જશવંત સોલંકી ઉર્ફે યશપાલ ઠાકોર મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી દીધી છે. તેમની પૂછપરછમાં બહાર આવ્યું છે કે અત્યાર સુધી પોલીસ જેને મુખ્ય સૂત્રધાર ગણી રહી હતી તે યશપાલ સોલંકી મેડિકલ રિપ્રેઝન્ટેટીવ ઈન્દ્રવદન પરમારનો ફોલ્ડર હતો. ઈન્દ્રવદન પરમારે યશપાલને રૂપિયા આપીને ફ્લાઈટમાં દિલ્હી મોકલ્યો હતો. અતિ મધ્યમ પરિવારમાંથી આવતા યશપાલને માત્ર લોકરક્ષકની નોકરી જોઈતી હતી. ઈન્દ્રવદનની ગેંગને દિલ્હીની પેપર લીક સાથે કનેક્શન હતું. ઈન્દ્રવદને યશપાલને રૂપિયા આપીને તૈયાર કર્યો કે તે દિલ્હી જાય અને પેપર લખીને લાવે. ઈન્દ્રવદનના કહ્યા મુજબ યશપાલ દિલ્હી ગયો અને વેફરના પેકેટમાં સંતાડીને આન્સર કી લઈ આવ્યો. યશપાલ પાછળ ઈન્વેસ્ટ કરેલા આ પાંચ લાખ રૂપિયા ઈન્દ્રવદનને આ આન્સર-કી મારફતે પાંચ કરોડ સુધી લઈ જાય તો નવાઈ ન હતી. જોકે તે પહેલાં જ ભાંડો ફૂટી ગયો અને આન્સર કી જેણે જેણે ખરીદી અને જ્યાં જ્યાં ફેલાઈ તે તમામને કાંઈ કામ ન આવી. પોલીસ પાસે બીજા માથાઓના નામ આવી ગયા હોવાનું એસપી મયુર ચાવડાએ જણાવ્યું છે. તે ઉપરાંત દિવસથી વધુ વ્યક્તિઓ જે શકમંદ છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા તજજ્ઞ તબીબોનો ઓરીએન્ટશન વર્કશોપ યોજાયો

હિંમતનગર, તા. ૬

જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ, હિમતનગર ખાતે જીલ્લાના ઉત્સાહી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.મનીષ ફેન્સી દ્વારા યુનિસેફ, ગુજરાતના સહયોગથી IYCIYCF- ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ફીડીંગ , MAA- મધર એબસોલેટ એફેક્શન, અને IMSAM- ઈંટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ ચિલ્ડ્રન વિથ સિવિયર એક્યુટ માલ ન્યુટ્રીશન જેવા બાળ આરોગ્યના અતિ મહત્વના વિષયો પર જીલ્લાના ખાનગી ગાયનેકોલોજીસ્ટ અને બાળરોગ નિષ્ણાત ડોકટરોનો જીલ્લા આરોગ્ય શાખા દ્વારા ઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો.

આ કાર્યશાળામાં ડો. નિલેષ ઠાકોર મેડીકલ કોલેજ વડનગર, ડો.ભૌતિક મોદી કન્સલ્ટન્ટ સ્ટેટ ન્યુટ્રીશન સેલ, ગાંધીનગર, ડો. પ્રાચી બાળરોગ નિષ્ણાત, અમદાવાદ CLCC, ઈન્ટરનેશનલ બોર્ડ સર્ટિફાઈડ લેકટેશન કન્સલ્ટન્ટ અને અમદાવાદ નાં ખ્યાતનામ બાળરોગ નિષ્ણાત ડો. આશિષભાઈ મહેતા દ્વારા જીલ્લાના ડોક્ટર મિત્રોને બાળકોમાં કુપોષણ નાબુદી, નવજાત બાળકોમાં માતાના ધાવણની અગત્યતા ઉપર તાજેતરમાં દેશ-વિદેશમાં અનેકવીધ ખ્યાતનામ સંસ્થાઓના સર્વે અનુસાર તથા આરોગ્યના વિવિધ માપદંડો મુજબની અતિમહત્વની જાણકારી આપવામાં આવેલ.

જેમાં નવજાત શિશુઓના મરણ અટકાવવામાં માતાના ધાવણની અગત્યતા, ધાવણ આપવા માટેની પ્રચલિત જુદી જુદી પદ્ધતિઓ, તેમજ આપણા વિસ્તારમાં માતાના ધાવણ આપવાની પદ્ધતિઓમાં જરૂરી ફેરફાર બાબતે માતાઓને જરૂરી આરોગ્ય શિક્ષણ આપવા સર્વેને માર્ગદર્શિત કરવામાં આવેલ. ઉપસ્થિત નિષ્ણાતો દ્વારા નવજાત શિશુઓને શરૂઆતના ૬ માસ સુધી માત્ર અને માત્ર માતાના ધાવણ આપવા બાબતે ખુબજ ગંભીરતા લાવવા વિનંતી કરવામાં આવેલ. આ માટે જુદા-જુદા પ્રદેશો અને વિદેશોમાં મળેલ હકારાત્મક પરિણામો બાબતોના વિડીયો પણ નિષ્ણાતો દ્વારા દર્શાવવામાં આવેલ.

કાર્યાશાળામાં જીલ્લાના આઈ.એમ.એ.ના પ્રમુખ અને ખ્યાત ગાયનેકોલોજીસ્ટ ડો. દિનેશભાઈ પટેલ, ડો. દિવ્યેશ પટેલ, બાળરોગ નિષ્ણાતો ડો. વી.એ. ગોપલાણી, ડો. સંદીપ ત્રિવેદી, ડો કૌશિક શાહ સહીત મોટી સંખ્યામાં ખાનગી તબીબો, આરોગ્ય શાખાના અધિકારીઓ તેમજ યુનિસેફના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ.

સટ્ટાબજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ સ્થિતિ બદલાઈ ગઈ છે. ફલોદી સટ્ટાબજારમાં ભાજપને ૧૦૭-૧૦૯ સીટ આપે છે. જ્યારે કોંગ્રેસને ૭૧-૭૩ સીટ આપે છે. બીજી બાજુ જયપુર સટ્ટાબજારમાં પણ હવે ભાજપને મહત્તમ સીટ આપવામાં આવી રહી છે. રાજ્યવિધાનસભામાં ભાજપને અહીં સ્પષ્ટ બહુમતિ આપવામાં આવી રહી છે. ૧૧૫-૧૧૭ સીટો તેને આપવામાં આવી રહી છે જ્યારે કોંગ્રેસ પાર્ટી ૬૫-૬૭ સીટો મેળવી રહી છે.

આવ જ રીતે શેખાવતી સટ્ટાબજારમાં પણ ભાજપને હવે ૧૦૩-૧૦૫ સીટો અને કોંગ્રેસને ૫૪-૫૬ સીટો આપવામાં આવી રહી છે. શેખાવતી અને ફલોદી સટ્ટા બજારની જે જમ રાજકોટના સટ્ટાબજારમાં પણ હવે ભાજપને ૧૦૫-૧૦૭ સીટો અને કોંગ્રેસને ૬૧.૬૩ સીટો મળી રહી છે. જયપુર અને કોલકાતા સટ્ટાબજાર હવે ભાજપને ૧૧૨-૧૧૪ સીટો આપે છે જ્યારે કોંગ્રેસને ૫૭-૫૯ સીટો આપે છે. સટ્ટાબજારની ગણતરી મોટાભાગે યોગ્ય સાબિત થતી હોવાનું પણ માનવામાં આવે છે. ઘણા બધા પૈસા આમા સામેલ હોવાના લીધે જોખમ લેવા માટે કોઈપણ તૈયાર હોતા નથી. અંતિમ ચિત્ર ૧૧મીએ જાહેર કરાશે.